**DATE: 20/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–05**

# અંકલેશ્વર ખાતે સિનિયર સિટીઝન માટે નિ:શુલ્ક મેડિકલ ચેકઅપ યોજાયો

## પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટીના સહયોગથી આયોજન કરાયું

| અંકલેશ્વર |

અંકલેશ્વર પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટીના સહયોગથી શેઠના હોલ ખાતે સિનિયર સિટીઝન માટે નિ:શુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અંકલેશ્વર શહેરમાં આવેલ શેઠના હોલ ખાતે અંકલેશ્વર પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટીના સહયોગથી સિનિયર સિટીઝન માટે નિ:શુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત વૃદ્ધ-વડીલોએ નિદાન કેમ્પનો લાભ લીધો હતો.

અંકલેશ્વર પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટીના સહયોગથી શેઠના હોલ ખાતે સિનિયર સિટીઝન માટે નિ:શુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં નિષ્ણાંત તબીબો દ્વારા વૃદ્ધ-વડીલોના આરોગ્યની શારીરિક તપાસ કરવામાં આવી હતી. જેમાં ડાયાબિટીસ, બીપી, કાર્ડિયોગ્રામ સહિતના રીપોર્ટ કાઢી જરૂરિયાતમંદો માટે વધુ સારવારની વ્યવસ્થા કરાય હતી. આ સાથે જ અલગ અલગ રોગ અંગે કેમ્પમાં ઉપસ્થિત લાભાર્થીઓને માર્ગદર્શન પણ



આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અંકલેશ્વર ડીવાયએસપી ચિરાગ દેસાઈએ સિનિયર સિટીઝનોને અન્ય કોઈપણ સમસ્યા માટે મદદની ખાતરી આપી અંકલેશ્વર પોલીસ હમેશા તેઓસાથે હોવાનું જણાવ્યુ હતું. આ પ્રસંગે અંકલેશ્વર ડીવાયએસપી કચેરી, અંકલેશ્વર એક ડિવિઝન પોલીસ મથકના પોલીસકર્મીઓ સહિત મોટી સંખ્યામાં લાભાર્થી વૃદ્ધ-વડીલો ઉપસ્થિત રહ્યા હતા. તો અંકલેશ્વર પોલીસ તંત્રએ પણ મેડિકલ ચેકઅપ કેમ્પને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

**DATE: 20/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા સિનિયર સિટીઝન માટે મેડિકલ કેમ્પ યોજાયો




ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા ભરૂચ જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં સિનિયર સીટીઝનોના આરોગ્યની ચિંતા કરીને સિનિયર સીટીઝન માટે આરોગ્યના કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યુ છે ત્યારે ભરૂચ સીટી પોલીસ એ.ડીવીઝન સોનેરી મહેલ ખાતે સિનિયર સીટીઝનો માટે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેના ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત ભરૂચ જિલ્લા પોલીસવડા ડો.લીના પાટીલના જણાવ્યા અનુસાર સિનિયર સીટીઝન એટલે કે વડીલોની સાર-સંભાળ રાખવી એ સમાજની ફરજ છે તેથી પોલીસ તંત્ર પણ આ ફરજ નિભાવી રહ્યુ છે. વધુમાં તેમણે અપીલ કરી હતી કે, સિનિયર સીટીઝનો કોઈપણ સમસ્યા અંગે પોલીસ તંત્રનો સંપર્ક કરી શકે છે. આ પ્રસંગે એ.ડીવીઝન પીઆઈ એ.આર.વાઘેલા તેમજ અન્ય પોલીસ અમલદારો તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં કુલ ૧૨૧ કરતા વધુ સિનિયર સીટીઝનોના આરોગ્યની ચકાસણી કરવામાં આવી હતી. આવા કેમ્પો વારંવાર યોજાતા રહેશે એમ પોલીસ તંત્ર દ્વારા જણાવાયુ હતુ.

**DATE: 20/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પોલીસે 10 પશુઓને મુક્ત કરાવી ગુનો નોંધ્યો

# માંડવા નજીકથી પશુઓનું ગે.કા. વહન કરતી ટ્રક જપ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસની ટીમે માંડવા ટોલ પ્લાઝા પાસે વોચ ગોઠવી હતી. જ્યાં એક ટ્રક આવતા પોલીસે ચેક કરતા અંદરથી ક્રૂરતા પૂર્વક બાંધેલી હાલતમાં હવા-ઉજાસ કે પાણી કે ખોરાક ની વ્યવસ્થા વગર રહેલ 7 ભેંસ ,2 પાડા અને એક વાછરડાં મળી કુલ 10 જેટલા પશુ મળી આવ્યા હતાં. ટ્રક ચાલક પાસે પશુની હેરાફેરીનો જરૂરી પાસ પરવાનો માંગતા તે ગલ્લા-તલ્લા કરવા લાગ્યો હતો.પોલીસે ભરૂચ હિંગલોટ ના ટ્રક ચાલક શબ્બીર મુસા વાડીવાલા ની ધરપકડ કરી હતી જ્યારે ભરૂચ નાગોરીવાડ ના સિરાજ નામના ઈસમ ને વોન્ટેડ જાહેર કર્યો હતો અને બંને વિરુદ્ધ પશુ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી હતી. પોલીસને પશુઓના ગેરકાયદે વહન અંગે બાતમી મળી હતી જેના આધારે માંડવા ટોલ પ્લાઝા પાસે વોચ ગોઠવી દેવામાં આવી હતી. હાલ ડ્રાયવરની પૂછપરછ ચાલુ છે.

**DATE: 20/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# ઝાડીઓમાં સંતાડેલો વિદેશી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના દશાશ્વમેધ ઘાટ પાસે નર્મદા નદી કિનારે ઝાડીઓમાં અંબાજી માતાના મંદિર નજીક લોઢવાડના ટેકરા વિસ્તારમાં રહેતાં દેવ ઉર્ફે ગદો પ્રવિણ મકવાણાએ વિદેશદારૂનો જથ્થો સંતાડ્યો હોવાની ચોક્કસ બાતમી ભરૂચ એલસીબીને મળી હતી. ટીમે સ્થળ પર દરોડો પાડી કુલ 33 હજાર ઉપરાંતનો વિદેશીદારૂ જપ્ત કરી દેવ ઉર્ફે ગદો મકવાણાને વોન્ટેડ જાહેર કરી તેની સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓએ વેચાણ માટે લાવેલો દારૂનો જથ્થો ઝાડીઓમાં સંતાડયો હતો.

**DATE: 21/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# અંકલેશ્વરના બે ગામમાંથી 8 ખેલીઓ ઝબ્બે

અંકલેશ્વર | અંકલેશ્વર તાલુકા પોલીસે પીપરોડ ગામમાં આવેલ નવી વસાહત ભાથીજી મંદિરની પાછળ જુગાર રમતા સેંગપુરના કુલદીપ પરમાર, અતુલ વસાવા, ઠાકોર વસાવા, અશોક વસાવા અને જયેશ વસાવાને 29 હજારના મુદામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તેવી જ રીતે જીતાલીના મસ્જિદ ફળિયામાં દરોડો પાડી 3 જુગારીઓને 3,770 રૂપિયાના મુદામાલ સાથે ઝડપી પાડયાં છે.

**DATE: 21/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## ભરૂચના નાગોરીવાડમાંથી મુખ્ય સૂત્રધારને ઝડપી લેવાયો

# માંડવાથી પશુ ભરેલો ટેમ્પો પ્રકરણમાં આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર માંડવા ટોલ પ્લાઝા પાસે ટ્રકમાં ગેરકાયદેસર રીતે પશુઓનું વહન કરવાના ગુનામાં મુખ્ય સુત્રધારને પોલીસે ભરૂચના નાગોરીવાડમાંથી ઝડપી લેવાયો છે.

માંડવા ટોલ પ્લાઝા પાસેથી પોલીસે એક ટ્રકમાંથી 10 જેટલા પશુઓને મુક્ત કરાવીને ડ્રાયવરની પૂછપરછ હાથ ધરી છે. ટ્રક ચાલક શબ્બીર મુસા વાડીવાલાએ કબુલાત કરી હતી કે, ભરૂચના નાગોરીવાડામાં રહેતાં સિરાજે ટ્રકમાં પશુઓ ભરાવ્યાં હતાં. ટ્રકમાં હિંગલોટ ગામમાં પશુઓ ભરીને તેને અન્ય સ્થળે મોકલવામાં આવી રહયાં હતાં. પોલીસે સિરાજની ભરૂચના નાગોરીવાડ વિસ્તારમાંથી ધરપકડ કરી છે. હિંગલોટથી પશુઓ ભરીને નીકળેલી ટ્રક વિશે પોલીસને બાતમી મળતાં માંડવા ટોલ પ્લાઝા પાસે વોચ ગોઠવવામાં આવી હતી. ગુજરાતમાંથી પશુઓની નિકાસ પર પ્રતિબંધ હોવા છતાં પશુઓને અન્ય રાજ્યોમાં મોકલવાની પ્રવૃતિઓ ચાલી રહી છે. મોટા ભાગના પશુઓ કતલખાને મોકલાતા હોવાની ફરિયાદો પણ ગૌરક્ષકો કરી રહયાં છે. માંડવાથી ઝડપાયેલાં ટેમ્પોમાં પશુઓ ભરૂચ તાલુકાના હિંગલોટ ગામેથી ભરાયાં હતાં ત્યારે આ પશુઓને ક્યાં લઈ જવામાં આવી રહયાં હતાં તેની તપાસ પોલીસે શરૂ કરી છે.

DATE: 21/03/2023 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–04

### રસોડાના માળિયામાં બોટલો સંતાડતો હતો

# રાજપારડીમાંથી એલસીબીએ 63 હજારનો દારૂ ઝડપી પાડયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના રાજપારડી ગામે સડક ફળિયામાં રહેતો અશોક વસાવા વિદેશી દારૂનો સંગ્રહ કરી તેનું છૂટક વેચાણ કરે છે. જિલ્લા એલસીબીની ટીમ એ બાતમીના આધારે રાજપારડીના સડક ફળિયામાં છાપો માર્યો હતો. છાપા દરમિયાન અશોક વસાવાઘરમાં હાજર હતો અને તેના ઘરમાં તપાસ કરતા રસોડામાં આવેલ માળિયામાંથી દારૂની કુલ 633 બોટલો મળી આવી હતી પોલીસે 63 હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે અશોક વસાવાની ધરપકડ કરી હતી જ્યારે વિજય વસાવાને વોન્ટેડ જાહેર કર્યો છે. બંને આરોપીઓ વિરૂધ્ધ રાજપારડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ભરૂચ એલસીબીએ દારૂ ઝડપી પાડયાં બાદ રાજપારડી પોલીસમાં દોડધામ મચી ગઈ છે. ભરૂચ જિલ્લામાં પોલીસ બુટલેગરો સામે કડક હાથે કાર્યવાહી કરી રહી હોવાના કારણે ગુનેગાર આલમમાં ફફડાટ જોવા મળી રહયો છે.

**DATE: 21/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અંકલેશ્વર શહેરમાં શાંતિ સમિતિની બેઠક મળી

# તહેવારોમાં કોમી એકતા જાળવી રાખવા અપીલ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

આગામી દિવસોમાં રમઝાન માસ તથા ચૈત્રી નવરાત્રિના તહેવારો આવી રહયાં છે ત્યારે તહેવારો દરમિયાન કોમી સૌહાર્દ જળવાય રહે તે માટે પોલીસ વિભાગે અપીલ કરી છે.

અંકલેશ્વરની પ્રાંત કચેરી ખાતે આગામી તહેવારોને અનુલક્ષીને શાંતિ સમિતિની બેઠક મળી હતી. નાયબ કલેકટર નતીષા માથુર, ડીવાયએસપી ચિરાગ દેસાઈ ,મામલતદાર કરણસિંહ રાજપુત સહિતના અધિકારીઓ બેઠકમાં હાજર રહયાં હતાં. વિવિધ ક્ષેત્રના અને કોમના આગેવાનો તથા શાંતિ સમિતિના સભ્યો બેઠકમાં હાજર રહયાં હતાં. પાક રમઝાન માસમાં મુસ્લિમ સમાજ અલ્લાહતાલાની બંદગીમાં વ્યસ્ત બની જશે જ્યારે હિંદુ સમાજની પણ ચૈત્રી નવરાત્રિ આવી રહી છે. બંને કોમના તહેવારો શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે શાંતિ સમિતિમાં ચર્ચા કરી અલગ અલગ સૂચનો કરવામાં આવ્યાં હતાં. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિત જોખમાઈ તેવું કોઈ પણ કૃત્ય નહિ કરવા માટે કહયું છે.

**DATE: 22/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**



# નેત્રંગમાં કતલખાને લઈ જવાતી 32 ભેંસને બચાવાઈ

**પશુઓ** સાથે બંને ટ્રકના ડ્રાઇવર અને ક્લીનર સહિત સાત ઝડપાયા

નેત્રંગ: નેત્રંગ પોલીસનો સ્ટાફ ૧૮મી માર્ચે પેટ્રોલિંગમાં હતો. એ દરમિયાન ટેલિફોનિક મેસેજ મળ્યો હતો કે, અંકલેશ્વર તરફથી આવતી બે ટ્રકમાં ગેરકાયદે કતલના ઈરાદે પશુઓ ભરી સાત ઈસમ નેત્રંગ-ડેડિયાપાડા માર્ગ પરથી પસાર થશે. જેના આધારે પોલીસે ચંદવાણ ગામના પાટિયા પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળી બે ટ્રક જીજે ૨૭ ટીટી ૦૦૨૨ અને જીજે ૨૭ ટીડી ૩૦૦૪ આવતાં પોલીસે તેને અટકાવી તેમાં તપાસ કરતાં તાડપત્રી અને લાકડાંનાં પાટિયાં ખોલી જોતાં એક ટ્રકમાંથી ૧૫ ભેંસ તેમજ બીજી ટ્રકમાંથી ૧૭ ભેંસ મળી આવી હતી. પોલીસે તમામ પશુઓને મુક્ત કરી બિસમીલ્લા વાહેદખાન પઠાણ મુસ્લિમ (રહે., સાગબારા), આરીફ આસીફ શેખ (રહે., સેલંબા), ઐયુબ રફીક મકરાણી (રહે., સેલંબા), મુસ્તકીમ સીધી (રહે., વલણ), સેહબાજ (રહે., ભરૂચ), ઈશાક મહમદ અનીફ મેલીયા (રહે., મુલતાનીવાડ, મદીના હોટલની બાજુમાં, ભરૂચ) અમે મુસ્તાક વલી ડભોયા (રહે., વલણ)ની પોલીસે અટકાયત કરી હતી. પોલીસે ૩૨ ભેંસ કિંમત ૩,૨૦,૦૦૦ તેમજ બે ટ્રક કિંમત રૂ.૮,૦૦૦૦૦ મળી કુલ રૂ.૧૧,૨૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 22/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# વાલિયા પાસેથી કારમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો



ભરૂચ: વાલિયા પોલીસમથકનો સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, મેરા ગામના લીમડા ફળિયામાં રહેતો બુટલેગર કલ્પેશ રમેશ વસાવા પોતાની સ્કોર્પિયો કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી મેરા ગામ તરફ આવી રહ્યો છે. આથી વાલિયા પોલીસે મેરામાં વોચ ગોઠવી હતી. વાલિયા પોલીસનો બંદોબસ્તમાં જોઈ કારમાં દારૂ ભરી આવતો મેરા ગામનો કુખ્યાત બુટલેગર કાર હંકારી મૂકી કાચા રસ્તે નીકળી ગયો હતો. પોલીસે તેનો ફિલ્મી ઢબે પીછો કરતા બુટલેગર કાચા રસ્તે દારૂ ભરેલ કાર મૂકી ફરાર થઈ ગયો હતો. પોલીસે સ્કોર્પિયોની અંદર તપાસ કરતાં તેમાંથી વિદેશી દારૂની 2064 નંગ બોટલ મળી આવી હતી. પોલીસે 2.25 લાખનો દારૂ અને 4 લાખની ગાડી મળી કુલ 6.25 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે મેરા ગામના બુટલેગર કલ્પેશ રમેશ વસાવાને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 23/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# અંક્લેશ્વરમાંથી મોબાઈલ ચોર ઝડપાયો

અંકલેશ્વર | અંકલેશ્વરના ગડખોલના વેલકમ નગર ખાતે રહેતા સચિન પટેલ ના ઘર માંથી ગત 12 મી માર્ચ ના રોજ રિયલમી કંપનીનો મોબાઈલ ચોરી થઈ જવા પામ્યો હતો. તેમણે શહેર બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી જે પોલીસે મોબાઈલ ના ઈ.એમ.આઈ નંબર અને મોબાઈલ નંબર નું ટેક્નિકલ સર્વેલન્સ શરુ કર્યું હતું . દરમિયાન પોલીસ ને ચોરીના મોબાઈલ સુરજિત અર્જુન સરકાર નામના ઈસમ પાસે હોવાની ચોક્કસ માહિતી મળતા પોલીસે તેને મોબાઈલ સાથે ઝડપી પાડ્યો હતો.

**DATE: 23/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**



### નેત્રંગ પોલીસે 57 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# ચંદ્રવાણ ગામે જુગાર રમતાં પાંચ જણા ઝબ્બે, ચાર ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નેત્રંગ તાલુકામાં આવેલાં ચંદ્રવાણ ગામે રહેતાં શખ્સના ઘરની પાછળ જામેલી જુગારની મહેફિલ પર પોલીસની ટીમે દરોડો પાડ્યો હતો.

નેત્રંગ પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ચંદ્રવાણ ગામે તાડ કંપની ફળિયામાં રહેતાં નાગજી ચતુર વસાવાના ઘરની પાછળ કેટલાંક શખ્સોએ મોબાઈલના અજવાળે જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે તુરંત સ્થળ પર પહોંચી દરોડો પાડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, ટીમે જુગાર રમતાં આરીફખાન ઉર્ફે ગોટી હમીદખાન પઠાણ, મહેબુબશા ઈસ્માઈલશા દિવાન, મંગા દલસુખ વસાવા, રાજેશ પુનિયા વસાવા તથા વિશાલ મુકેશ વસાવાને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે નટવર ધનજી વસાવા, કલ્પેશ સુખદેવ વસાવા, રાજુ નટવર વસાવા તથા શાંતિલાલ ઉર્ફે કાલુ પોલીસને ચકમો આપી નાસી છૂટ્યાં હતાં. પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂપિય 12 હજાર સહિત 57 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 23/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### નવી નગરીમાં પોલીસે દરોડો પાડતાં નાસભાગ

# અંકલેશ્વરના ભડકોદ્રા ગામે જુગાર રમતા 4 ખેલી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના ભડકોદ્રા ગામ ખાતે નવીનગરી માં જુગાર રમતા 4 ખેલી ઝડપી પાડ્યા હતા. પોલીસે 5000 રૂપિયા ની રોકડ મળી જુગાર રમવા ના સાધનો જપ્ત કર્યો હતો.

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ ની ટીમ ભડકોદ્રા ગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તે દરમિયાન નવીનગરી ખાતે જાહેર માં જુગાર રમાઈ રહ્યો હોવાની ચોક્કસ માહિતી મળી હતી જે આધારે નવી નગરી ખાતે દરોડા પાડી જુગાર રમતા જ્યંતીલાલ તિરગર , ઈમ્તિયાઝ પઠાણ, જ્યેશ પરમાર અને કરણ વસાવા ને રંગે હાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસે દાવ પર લાગેલા અને અંગઝડતી માંથી રોકડ રૂપિયા 5050 જપ્ત કર્યા હતા અને ચારેય ઈસમો ની ધરપકડ કરી જેલભેગા કર્યા હતાં. ભરૂચ પોલીસ વિવિધ ગામડાઓમાં દરોડાઓ પાડી જુગારીયાઓ સામે કડક હાથે કાર્યવાહી કરી રહી હોવાથી ફફડાટ છે.

**DATE: 24/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચ જિલ્લામાં આ પ્રકારની પ્રથમ રેઇડ, પીરામણ નજીક એલસીબીની કાર્યવાહી

# મુંબઈથી આંકડાની સ્લિપો છપાવી વેચતો અંકલેશ્વરનો વેપારી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસે વર્લી મટકા અને આંક- ફરક ના જુગાર ની બદી ડામવા જુગાર ના અડ્ડા પર તો દરોડા પાડી જ રહી છે. પણ સૌ પ્રથમ વખત જુગારનું સાહિત્ય પુરી પડતા દુકાન પર દરોડા પાડ્યા છે.

ભરૂચ એલસીબી ના પી.એસ.આઈ જે એન ભરવાડ અને ટીમ ને ચોક્કસ માહિતી મળી



હતી કે કાગડીવાડ ખાતે રહેતા અને પીરામણ નાકા પર નવી-નગરી જતા માર્ગ પર આવેલ ઈશકુપા શોપીંગ સેન્ટર માં આવેલ કાગડી ચોપડા ભંડાર ની દુકાન માં વર્લી મટકા અને આંક-ફરક ના જુગાર રમવાની સ્લીપ તેમજ અન્ય જુગાર ના ચાર્ટ પેપર નું વેચાણ થઇ રહ્યું છે. જે આધારે પોલીસે સર્ચ કરતા દુકાન માંથી આંકડા ના જુગાર રમવા ની 7628 બુક મોટી કિંમત રૂપિયા 60, 575 તેમજ નાની 2050 કિંમત રૂપિયા 2050 મળી કુલ 62.625 રૂપિયા નું સાહિત્ય મળી આવ્યું હતું.

પોલીસે ચાર્ટ પેપર અને બુક નો જથ્થો જપ્ત કર્યો હતો તેમજ એક મોબાઈલ મળી કુલ 67.625 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો તેમજ દુકાનદાર મોહમ્મદ સફી ઈસ્માઈલ કાગઝી અને તેના પુત્ર મોહંમદ ઉબેદ મોહમ્મદ સફી કાગઝી ની ધરપકડ કરી હતી તેમની પૂછપરછમાં નડિયાદના નિશાર પઠાણની મદદથી મુંબઈના ઈસમ પાસેથી એસ.ડી.પ્રિન્ટિંગ પ્રેસ ના માલિક પાસેથી છપાવી મંગાવતા હતા. જે આધારે પોલીસે નડિયાદ અને મુંબઈના ઈસમ ને વોન્ટેડ જાહેર કર્યા છે.

**DATE: 24/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### સોફ્ટવેરમાં 248 પૈકી 171 મુસાફરોની એન્ટ્રી કરી

# દહેજની લક્ષી હોટલના સંચાલક વિરુદ્ધ ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

અસામાજિક તત્વો સામાન્યત: હોટલ-ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાઓ સહિત સામાજિક રહેણાંક સ્થળોએ રોકાવાની શક્યતાઓ હોય છે. ત્યારે પોલીસ દ્વારા ખાસ પથિક સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે. જેમાં દરેકને તેમના ત્યાં રોકાતાં લોકોની સચોટ માહિતી અપડેટ કરવાની સુચનાઓ આપવામાં આવી છે. તેમ છતાંય કેટલીંક હોટલો તેનું પાલન કરતી નથી. એસઓજીના પીએઈઆઈ આર. એસ. ચાવડા તેમજ તેમની ટીમ દહેજ ખાતે આવેલી જીએસીએલ ચોકડી પાસેની લુક્ષી હોટલમાં તપાસ હાથ ધરી હતી. જેમાં તેમને જાણવા મળ્યું હતું કે, મિલન અકલી ઠાકુરીયા ( મુળ રહે. ગુવાહાટી, આસામ) નામા મેનેજરે રજીસ્ટરમાં 248 મુસાફરોનું રજીસ્ટ્રેશન કર્યું હતું. જ્યારે તેમણે પોલીસ વિભાગ દ્વારા અપાયેલાં પથિક સોફ્ટવેરમાં માત્ર 171 લોકોની એન્ટ્રી કરી હતી. જેથી મેનેજરે જાહરેનામાનો ભંગ કર્યો હોઈ ગુનો દાખલ કરાયો છે.

**DATE: 25/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

### મંદિરમાં કામ કરતા યુવાનને જ ચોરીને અંજામ આપ્યો

# જંબુસરના બે મંદિરમાંથી રૂા. ૨૫ લાખની ચાંદીની ચોરીમાં ત્રણને ઝડપી પાડ્યાં

### ચાંદીનો જથ્થો રાખનાર જંબુસરના બે ચોકસી વેપારીને પણ દબોચી લીધા





| જંબુસર |

જંબુસર નગરમા આવેલ બે વૈષ્ણવ મંદિરમાંથી મંદિરમા કામ કરતા યુવાને ચાંદીના ૩૭.૫૦૦ કિલોના આભૂષણો કિંમત રૂપિયા ૨૫.૧૨ લાખની ચોરી બે વર્ષ ના સમયગાળામા કરી હોવાની ફરિયાદ મંદિરના ટ્રસ્ટીએ જંબુસર પોલીસ મથકે નોંધાવતા નગર સહિત પંથકમા ચકચાર વ્યાપી ગઈ હોવાના તથા ગુનો દાખલ થયા ને ગણતરી ના જ કલાકો મા જ જીલ્લા પોલીસ વડા ડો. લીના પાટીલ તથા વિભાગીય પોલીસ અધિક્ષક પી.એલ ચૌધરી ના સુચના તથા માર્ગદર્શન હેઠળ જંબુસર પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર વી.એન રબારીએ ચોરી કરનારા મંદિરમા કામ કરતા યુવાનને તથા ચોરીનો મુદ્દામાલ રાખનાર બે ચોકસી મળી કુલ ૩ ઈસમો ને દબોચી લઈ સઘન પુછપરછ હાથ ધરી ચોરાયેલ મુદ્દામાલ રીકવર કરવાના ચક્રો ગતિમાન કર્યા હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

જંબુસર પોલીસ મથકે થી પ્રાપ્ત માહિતી અનુસાર જંબુસર નગર ના જૂની પોસ્ટ ઓફિસ વિસ્તાર મા આવેલ વૈષ્ણવ સમાજ નુ ત્રણ વર્ષ થી જર્જરીત થવાને પગલે બંધ પડેલ મોટા મંદિરમા કામ કરતા કિશોર ઉર્ફે રવિ વસંતરાવ જાદવ રહે.મોટા મંદિર પાસે જંબુસર ના ઓ એ માર્ચ ૨૦૨૧ થી ૨૧ માર્ચ ૨૦૨૩ દરમ્યાન તેની પાસે રહેલ ચાવી થી બંધ મંદિર ના મુખ્ય દરવાજા તથા નિજ મંદિર ના મુખ્ય પ્રવેશ દ્વાર ના તાળા ખોલી ને નિજ મંદિર ના લાકડા ના મુખ્ય પ્રવેશ દ્વાર તથા બારશાખ ઉપર મઢેલ ૯ કિલો વજન ની ચાંદી કિ.રૂ.૬ લાખ ૩ હજાર રૂપીયા, લાકડા ઉપર ૧૫ કિલો ચાંદી થી મઢેલ હીંડોળો કિ.રૂ. ૧૦ લાખ ૫ હજાર,લાકડા ઉપર ચાંદી થી મઢેલ પલનુ તથા નકકર ચાંદી ના સળીયા નંગ ૪ તથા ચાંદી ની સાંકળ (દોરી) કુલ વજન આશરે ૬ કિલો કિ.રૂ.૪ લાખ ૨ હજાર, રથયાત્રા નો ચાંદી નો સામાન આશરે ૩ કિલો કિ.રૂ.૨ લાખ ૧ હજાર તથા ઉષ્ણકાળ ના ૩ કિલો ના ચાંદીના દાગીના કિંમત. રૂ. ૨ લાખ ૧ હજારની તેમજ અન્ય વૈષ્ણવ મંદિર શ્યામલાલજી હવેલી મંદિર માથી મંદિર ના દરવાજા નુ તાળુ તોડી મંદિર ની અંદર પ્રવેશ કરી ને ચાંદી ની બે નાની થાળી તથા ભગવાન ના ટુટેલા ચાંદી ના રમકડા જેનુ વજન ૧ કિલો ૫૦૦ ગ્રામ કિંમત.રૂ.૧ લાખ ૫૦૦ ની ચોરી કરી હોવાનુ મંદિર ના ટ્રસ્ટી જીજ્ઞેશભાઈ ગાંધી ના ધ્યાને આવતા તેઓએ આ બાબતે જંબુસર પોલીસ મથકે કિશોર ઉર્ફે રવિ વસંતરાવ જાદવ વિરૂધ્ધ બન્ને વૈષ્ણવ મંદિર માંથી કુલ ૩૭ કિલો ૫૦૦

ગ્રામ ની ચાંદી ની વસ્તુઓ કિંમત રૂ.૨૫,૧૨,૫૦૦ ની ચોરી કરવા બદલ ફરિયાદ આપતા જંબુસર પોલીસે ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૧ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ પોલીસ ઈન્સ્પેક્ટરવી.એન રબારી એ સંભાળી ને જીલ્લા પોલીસ વડા ડો.લીનાપાટીલ તથા વિભાગીય પોલીસ અધિક્ષક પી.એલ ચૌધરી ના માર્ગદર્શન હેઠળ ત્વરીત ચોરી કરનાર કિશોર ઉર્ફે રવિ ને દબોચી લેવાના ચક્રો ગતિમાન કરી ને પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.જી. કામળીયા તથા સ્ટાફ ના ટીમવર્ક થી કિશોર ઉર્ફે રવિ ને ગણતરી ના કલાકો મા દબોચી લીધો હતો.

તેની સઘન પુછપરછ હાથ ધરતા ચોરાયેલ ચાંદી જથ્થો રાખનાર જંબુસર ના ચોકસી અક્ષય ઉર્ફે પપ્પુ બળદેવ સીતારામ ખટકે તથા વિરૂદેવ લક્ષ્મણ પાંડુરંગ થોરાદ ને દબોચી લઈ ચોરાયેલ મુદ્દામાલ મેળવવા કવાયત આદરી છે.

**DATE: 25/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### મોડીરાત્રી સુધી જેલમાં કેદીઓની તપાસ કરાઇ

# ભરૂચની સબજેલમાં પોલીસ વિભાગ દ્વારા ઓચિંતુ ચેકિંગ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ગૃહ વિભાગમાં ઉચ્ચ અધિકારીઓ સાથે થયેલી બેઠક બાદ રાજ્યભરની તમામ જેલોમાં એકસાથે દરોડા પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના પગલે ભરૂચ સબજેલમાં પણ પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરાયું હોવાના અહેવાલ સાંપડી રહ્યાં છે. જોકે, પોલીસ દ્વારા કરાયેલી કાર્યવાહી મોડી રાત્રી સુધી ચાલતાં જેલમાંથી તેમને કાંઇ મળ્યું કે નહીં તેની કોઇ સ્પષ્ટતા થઇ શકી ન હતી.

ભરૂચ પોલીસ વિભાગના એલસીબી તેમજ એસઓજીની ટીમોએ સંયુક્તરીતે ભરુચ સબજેલ ખાતે ચેકિંગ હાથ ધર્યું હતું. પોલીસ કાફલાએ સબજેલમાં પ્રવેશી જેલમાં સજા ભોગવી રહેલાં કેદીઓ પૈકી કોઇ પાસે મોબાઇલ કે અન્ય કોઇ પ્રતિબંધિત સામાન છે કે કેમ તેની તપાસ શરૂ કરી હતી. જોકે, પોલીસના કર્મીઓ દ્વારા મોડી રાત્રી સુધી જેલમાં ચેકિંગની પ્રક્રિયા કરી હતી. જેના પગલે તેમને સબજેલમાંથી કોઇ વાંધાજનક સામગ્રી મળી છે કે નહીં તે અંગેની કોઇ સ્પષ્ટતા હજી સુધી થઇ શકી ન હતી.

**DATE: 25/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અધિકારીઓએ લોકો સાથે સંવાદ કર્યો

# જંબુસરમાં 6 મહિનામાં બીજી વખત પોલીસનો લોક દરબાર

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

ભરૂચ જિલ્લાના જંબુસર ખાતે 6 માસમાં બીજી વખત પોલીસનો લોક દરબાર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં એસપી ડૉ. લીના પાટીલે હાજર રહી લોકોની સમસ્યાઓ સાંભળી હતી.

ભરૂચ પોલીસે એક માનવતાવાદી અભિગમના ભાગરૂપે દરેક શહેરોમાં લોક દરબાર કાર્યક્રમનું આયોજન કરવાનું નક્કી કર્યું છે. જે અંતર્ગત જંબુસર ખાતે લોક દરબાર યોજવામાં આવ્યો હતો. જેમાં એસપી ડૉ. લીના પાટીલ સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહયાં હતાં. લોક દરબારમાં લોકોએ નાઈટ પોલીસ પેટ્રોલિંગ, ટ્રાફિક સમસ્યા સહિતના મુદ્દાઓની રજૂઆત કરી હતી. એસપીએ સમસ્યાના નિરાકરણ માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. એસપીએ જણાવ્યું હતું કે, છ મહીના બાદ જંબુસરમાં ફરીથી લોક દરબાર યોજાઈ રહયો છે. જંબુસર શહેરમાં ટ્રાફિકની સમસ્યાના કારણે લોકો ભારે હાલાકીનો સામનો કરી રહયાં છે. ગેરકાયદે દબાણો અંગે પણ રજૂઆતો કરાઈ હતી.

**DATE: 26/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–06**

# ભરૂચ સબજેલમાં સરપ્રાઈઝ ચેકિંગ ૪ મોબાઈલ ફોન અને રોકડા ઝડપાયા

ભરૂચ: ભરૂચ સબજેલમાં સરપ્રાઈઝ ચેકિંગ કરતાં ૪ મોબાઈલ ફોન અને રોકડા ઝડપાયા હતા. ઓપરેશન ક્લિન અંતર્ગત શુક્રવારે રાતે આખા રાજ્યની જેલોને એકસાથે ધમરોળવામાં આવી હતી. અમદાવાદ સેન્ટ્રલ જેલ સહિત રાજ્યના તમામ જિલ્લામાં પોલીસની ટુકડીઓએ સર્ચ શરૂ કર્યું હતું. ઘણાં સ્થળોએ વહેલી સવાર સુધી પ્રક્રિયા ચાલી હતી. ભરૂચમાં પણ ક્રાઇમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમોએ સબજેલ તપાસ હાથ ધરી હતી. જેલમાંથી ૪ મોબાઈલ ફોન અને રોકડા રૂ.૪૫૦૦ મળી આવ્યા છે. પોલીસે આ મામલે ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવા તજવીજ પણ શરૂ કરી છે. મળી આવેલા ૪ મોબાઈલ ફોનને એફએસએલ તપાસ માટે મોકલવામાં આવશે. આ ફોન કોણે ઉપયોગમાં લીધા અને કોને ક્યાં કારણોસર કોલ કર્યા હતા? તેની વિગતો બહાર લાવવામાં આવશે.

**DATE: 26/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–06**

# અંકલેશ્વરમાં ભાડાનાં ગોડાઉનોમાં દારૂ-કેમિકલના ધંધા સામે તપાસ

## **80થી** વધુ પોલીસ જવાનોની ટીમે તપાસ હાથ ધરી



ભરૂચ: અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં થોડા સમય પહેલા કહિતપણે ગોડાઉનો ભાડે રાખી દારૂનો વેપલો, કેમિકલ સહિતના ગોરખધંધા આચરાતાં હોવાનું ઝડપાયું હતું. બુટલેગરો, બેનંબરિયાઓએ ઔદ્યોગિક વસાહતમાં ગોડાઉનો ભાડે રાખી તેનો ઉપયોગ અસામાજિક અને ગેરકાયદે પ્રવૃત્તિઓ કરવા શરૂ કરી દીધો હતો. દરેક ગોડાઉન કે શેડ ઉપર નજર રાખવી શક્ય ન હોય આવી ગેરકાયદે, અસામાજિક કે બેનંબરી ચાલતી ગતિવિધિઓ અટકાવવા અને તેને ઝડપી પાડવા આજે શુક્રવારે માસ કોમ્બિંગ હાથ ધરાયું હતું.

શુક્રવારે સવારે 10 કલાકથી LCB, SOG, GIDC PI સહિત સિટી, ગ્રામ્યના 4 અધિકારીની રાહબરીમાં ગોડાઉન સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. 8 PSI તેમજ 80થી વધુ પોલીસ જવાનોના કાફલાએ અંકલેશ્વર GIDCમાં એક બાદ એક ગોડાઉનમાં તપાસ કાર્યવાહી હાથ ધરતાં અસામાજિક તત્ત્વોમાં ફફડાટ ફેલાઇ ગયો હતો. સાંજ સુધી ચાલનાર જિલ્લા પોલીસની ટીમોના ગોડાઉન કોમ્બિંગ ડ્રાઈવમાં મોટા પાયે અપરાધિક, ગેરકાયદે પ્રવૃત્તિઓ અને બીજી અનિયમિતતા સામે આવે તેવી હાલ શક્યતા સેવાઈ રહી છે.

**DATE: 26/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# પારડી પોલીસ સ્ટેશનનો વોન્ટેડ આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

વલસાડના પારડી પોલીસ મથકે 2022માં દારૂ પ્રકરણમાં પાનોલી ટાંકી ફળીયામાં રહેતા મોહંમદ શકીલ રફીક સૈયદ વોન્ટેડ હતો. છેલ્લા 6 મહિના ઉપરાંતથી તે ફરાર હતો. અંકલેશ્વર પાનોલી પોલીસને વલસાડ પોલીસ દ્વારા જાણ કરાઈ હતી જે આધારે પાનોલી પોલીસની ટીમ દ્વારા પોલીસને ચકમો આપીને ફરાર આરોપીની શોધખોળ શરૂ કરી હતી ગત રોજ મળતા પાનોલી એ ગત રોજ આરોપીને ઝડપી પાડ્યો હતો અને વલસાડ પોલીસ મથકે જાણ કરતા પારડી પોલીસ ટ્રાન્સફર વોરન્ટથી આરોપીને લઈ જવાની તજવીજ શરુ કરી હતી.

**DATE: 26/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## વાલિયા પોલીસે 4 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# સુરત જિલ્લામાંથી દારૂ લઈ આવતો બુટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | વાલિયા

વાલિયા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમ્યાન ડહેલી ગામનો હરેશ વસાવા પોતાની કારમાં વિદેશીદારૂનો જથ્થો ભરીને વાડી તરફથી ડહેલી ગામે પોતાના ઘરે આવનાર હોવાની બાતમી મળી હતી. પોલીસે વોચ ગોઠવી કારને અટકાવી હતી અને તલાશી લેતા વિદેશીદારૂનો જથ્થો મળી આવ્યો હતો .પોલીસે હરેશ વસાવાની ધરપકડ કરી રૂપિયા 28,800 નો વિદેશી દારૂ અને 3 લાખ 75 હજારની કાર મળી કુલ રૂપિયા 4 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે આ કેસમાં ઉમરપાડા તાલુકાના ચિતલદા ગામના મુન્ના વસાવાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસના હાથે ઝડપાયેલો બુટલેગર સુરત જિલ્લામાંથી દારૂનો જથ્થો લઈને તેને વેચાણ માટે લાવતો હોવાની વિગતો સપાટી પર આવી છે. પોલીસે ફરાર આરોપીને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરી દીધાં છે.

**DATE: 26/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# ગુંદીયા ગામેથી દારૂનો જથ્થો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાલિયા પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ગુંદીયા ગામે આવેલાં ઝરપણ ફળિયામાં રહેતો અલ્પેશ અરવિંદ વસાવાએ તેના ફળિયામા જવાના રસ્તા પર ઝાડીઓમાં દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. જેના પગલે ટીમે સ્થપર દરોડો પાડતાં ત્યાં વિદેશીદારૂની કુલ 15 હજારની મત્તાનો જથ્થો મળી આવ્યો હતો. બનાવ સંદર્ભે વાલિયા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે